


નવરાત્રીને સાર્વજનિક ઉત્સવ એટલા માટે કહે છે કે તેમાં સૌ કોઈ અબાલવૃધ્ધ આનંદ મેળવી શકે છે. યુવાનો ગરબે ઘુમવાનો, વડીલો માતાજીની ભકિતનો અને બાળકો ગબ્બર બનાવવાનો આનંદ મેળવે છે. નવરાત્રી નજીક આવે એટલે બાળકો ખુબ રાજી થઈ જાય. નાનો-મોટો ફાળો ઉઘરાવી તેઓ માટી, પાણી, પથ્થરો વડે સુંદર ગબ્બર બનાવે અને તેમાં માતાજીનું સ્થાપન કરે. રમતાં રમતાં થતી માતાજીની આ અનોખી ભકિત બાળપણને વધુ રોચક બનાવે છે. (તસવીર : દિપક જાની)

# કેનાલમાં ખાબકેલી છ ભેંસોને ૯ કલાકની જહેમત બાદ જીવતી બહાર કઢાઈ

## ભારે મહેનતે કેનાલ સિક્યુરીટીએ ગ્રામજનો સાથે મળીને કાઢેલી ભેંસોનું હજુ કોઈ રણીધણી મળ્યુ નથી

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર નજીક મેદરા કેનાલ પાસેની ચરવા ફરતી છ ભેંસો એક પછી એક કેનાલના પાણીમાં જતી રહી હતી. તરતી-તરતી ભેંસો મેદરાથી રાયપુર અને ત્યાંથી કરાઈ સાયફન પાસે પહોંચી ગઈ હતી. કેનાલ સિક્યુરીટી ગાર્ડ તથા ગ્રામજનોએ ત્રણ ભેંસોને બપોર સુધી મહેનત કરીને દોરડાથી લીંબડીયા કેનાલથી બહાર કાઢી હતી જ્યારે અન્ય ત્રણને કરાઈ સાયફન પાસેથી નિકાળી હતી. જે ત્રણ ભેંસોને બહાર કાઢતા સાંજના સાત વાગ્યા હતા. ૯ કલાકની ભારે જહેમત બાદ બહાર કાઢવામાં આવેલી ભેંસોના હજુ સુધી કોઈ રણીધણી ન મળતા કરાઈના એક વાડામાં તમામ ભેંસોને સાચવવા રાખવામાં આવી છે.

સામાન્ય રીતે તળાવોમાં પાણી જોઈને અંદર ઘુસી જતી ભેંસોને પાણીમાંથી બહાર કાઢવા ઘણાં પ્રયત્નો કરવા પડે છે. ત્યારે ગઈકાલે સવારે દસેક વાગ્યે છ ભેંસો મેદરા કેનાલમાં પાણી જોઈને અંદર ઘુસી ગઈ હતી. કેનાલમાંથી ભેંસો બહાર આવી શકે નહી તે સ્વાભાવીક બાબત છે. જેથી જો આ ભેંસોને બહાર નિકાળવામાં ન આવે તો ડુબીને નહી પરંતુ ભુખ્યા પેટે મૃત્યુ પામી જાત. કેનાલ સિક્યુરીટી ગાર્ડ પ્રવિણ ઠાકોરને આ બાબતે જાણ થતાં તાબડતોબ મેદરા કેનાલ ખાતે દોરડા સાથે પહોંચી ગયો હતો. ગ્રામજનો સાથે મળીને સવારથી ભેંસોને બહાર નિકાળવા કરેલી મહેનત બાદ છેક લીંબડીયા કેનાલ પાસેથી ત્રણ ભેંસોને બહાર કાઢવામાં સફળતા મળી હતી અને મોડી સાંજે સાત વાગ્યે તરતી-તરતી કરાઈ સાયફન પહોંચી ગયેલી અન્ય ત્રણ ભેંસોને દોરડા વડે બહાર નિકાળવામાં સફળતા મળી હતી. નવ કલાકની જહેમતે બહાર કઢાયેલી છ ભેંસોનો આજે ૨૪ કલાક થઈ ગયા બાદ પણ રણીધણી મળ્યો નથી. હાલ કેનાલ સિક્યુરીટી ગાર્ડે તમામ છ ભેંસોને કરાઈ ગામે એક વાડામાં માલધારીને તાર બાંધી સાચવવા મુકી છે અને ભેંસોના માલીકની તપાસ પણ ચાલુ કરી છે.

# મિલકત વેરા માટેની છેલ્લી તારીખ લંબાવાઈ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવેલ સને-૨૦૧૧-૧૨ તથા ૨૦૧૨-૧૩ના મિલકત વેરાના બીલોના નાણાં સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૫-૧૦-૨૦૧૨ રાખવામાં આવેલ હતી. જે વધારીને હવે તા. ૧-૧૧-૨૦૧૨ સુધી લંબાવવામાં આવી છે. આ તારીખ સુધી નાણાં ભરનાર પાસેથી નોટીસ ફીના રૂપિયા બે વસુલ કરવામાં આવશે નહિ.

# બાલાજી ગ્રીન વિલામાં લોખંડની ઘોડી માથે પડતા શ્રમિકનું મૃત્યુ

## માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા મજુરનું ઘટના સ્થળે મોત થયું

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર નજીક અંબાપુર ગામની સીમમાં ચાલી રહેલી બાલાજી ગ્રીનવિલા બાંધકામ સાઈટ પર મજુરી કામ કરી રહેલા ૨૬ વર્ષીય પરપ્રાંતિય શ્રમિકના માથે અકસ્માતે લોખંડની ઘોડી પડતાં માથાના ભાગે થયેલી ગંભીર ઈજાઓને પગલે તેનું ઘટના સ્થળે જ કરૂણ મૃત્યુ નિપજયું હતું. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી શ્રમિક યુવાનનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી કાયદેસરની કાર્યવાહી કરી તપાસ આરંભી છે.

અંબાપુર ગામની સીમમાં બાલાજી ગ્રીનવિલાની બાંધકામ સાઈટ આવેલી છે આ સાઈટમાં મજુરી કામ કરી રહેલો મુળ બિહારનો વતની અને હાલબાલાજી ગ્રીન વિલાની સાઈટ ખાતે જ રહેતો ૨૬ વર્ષીય સંજય નવલ શાહજી આજે મજુરી કામ કરી રહ્યો હતો તે દરમિયાન એકાએક લોખંડની વજનદાર ઘોડી માથા ઉપર પડી હતી. શ્રમિકને માથાના ભાગે અને પીઠ પર ગંભીર ઈજાઓ થતાં બનાવ સ્થળે જ તેનું પ્રાણપંખેરું ઉડી જવા પામ્યું હતું. લોખંડની ઘોડી કેવી રીતે પડી? તે સહીતની બાબતો પર પોલીસે તપાસ શરુ કરી છે. અડાલજ પોલીસ મથકના એએસઆઈ ભુપતસિંહે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી કાર્યવાહી આરંભી છે.

# સેક્ટર-૩-એ/ન્યુ ખાતે આજે માતાજીની ભવ્ય શોભાયાત્રા

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર સેક્ટર-૩-ન્યુ ખાતે નવરાત્રી મહોત્સવ અંતર્ગત સવારે ૭.૩૦ કલાકે પિનાકીન ત્રિવેદીના ઘરેથી માતાજીની છબીની શોભાયાત્રા નિકળશે. સવારે સેક્ટરમાં વાજતે ગાજતે આ શોભાયાત્રા નિકળશે અને અંદાજે ૧૦ વાગ્યે માતાજીની પ્રાણ પ્રતિષ્ઠા નવરાત્રી ચોકમાં કરવામાં આવશે. તેવું નવરાત્રી સમિતિના પ્રમુખ સંજયભાઈ પટેલે જણાવેલ છે.

# છત્રાલ હાઈવે પર વાહનની અડફેટે યુવાનનું મૃત્યુ

કલોલ, તા. ૧૫

કલોલ નજીક છત્રાલ હાઈવે પર ગઈકાલે મોડી સાંજે સર્જાયેલા એક અકસ્માતમાં આશરે ૩૫ વર્ષિય યુવાનનું મૃત્યુ થવા પામ્યુ છે. હાઈવે પરથી ચાલતો જઈ રહેલા યુવાનને અજાણ્યા વાહને અડફેટે લઈ લીધો હતો. ગંભીર રીતે ઘવાયેલા યુવાનનું બનાવ સ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. કલોલ તાલુકા પોલીસે અજાણ્યા વાહનના ચાલક વિરૂદ્ધ ગુનો દાખલ કરી તેની શોધખોળ શરૂ કરી છે.



ગુરુબ્રાહ્મણ સમાજના ગાદીગુરુ મહર્ષિ તેજાનંદ સ્વામીની પુણ્યતિથિ નિમિત્તે ભારતીય ગુરુ બ્રાહ્મણ વિકાસ પરિષદના પ્રમુખ ગિરીશભાઈ પંડ્યા તથા અગ્રણીઓએ મહર્ષિની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

# એકતા ચોક ઉત્સવ સમિતિ સે. ૮માં નવરાત્રી મહોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગરના સેક્ટર-૮માં આવેલા એકતા ચોક ખાતે ઉત્સવ સમિતિ દ્વારા નવરાત્રી મહોત્સવની ઉજવણી ધામધૂમથી ઉજવવામાં આવશે. ૧૬મી ઓક્ટોબર-૨૦૧૨ થી ૨૪મી ઓક્ટોબર-૨૦૧૨ દરમિયાન નવરાત્રી પર્વની વિવિધ મ્યુઝિકલ પાર્ટીઓ સાથે ઉજવાશે.

એકતા ચોક સેક્ટર-૮ના વસાહતીઓ દ્વારા આજે તા. ૧૬મીએ સવારે ૯ કલાકે માતાજીની વિધિપૂર્વક સ્થાપના થશે તથા રાત્રે ૯ કલાકે સેક્ટરના ઉચ્ચ સનદી અધિકારીઓ, મહાનુભાવો તથા સેવાભાવી તબીબી અધિકારીઓની ઉપસ્થિતિને આવકારવામાં આવશે. સન્માન સમારંભ બાદ માતાજીની આરતી અને ગરબાનો કાર્યક્રમ શરૂ કરવામાં આવશે. ૨૪મીએ દશેરાનો હવન યોજવામાં આવશે. જે કોઈ વસાહતી ભાઈ-બહેનોએ યજમાન તરીકે પૂજામાં બેસવાની ઈચ્છા હોય તેઓએ સમિતિના હોદ્દેદારો પાસે નામ નોંધાવવા જણાવ્યું છે. ૨૯મી ઓક્ટોબરના રોજ શરદપૂર્ણિમા નિમિત્તે પણ ગરબા તથા દૂધ પૌંઆનો કાર્યક્રમ યોજવામાં આવશે એમ આયોજકો તરફથી જણાવવામાં આવ્યું છે.

# ચૂંટણીલક્ષી ગતિવિધીઓ પર જિલ્લા પોલીસનો ચુંટણી સેલ બાજ નજર રાખશે

## સેલનું સીધુ સુપરવિઝન એસ.પી. કરશે : ઈલેક્શન કમીશનને ડેઈલી રીપોર્ટ મોકલાવશે

ગાંધીનગર, તા. ૧૫

ચૂંટણીની તૈયારીઓ જોરસોરથી સરૂ થઈ ગઈ છે ત્યારે ચૂંટણી દરમ્યાન આચારસંહિતાના નિયમોનું ચુસ્તપણે પાલન થાય તે માટે તંત્ર સજ્જ થઈ ગયું છે. જેના ભાગરૂપે ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા ચૂંટણી સેલની રચના કરવામાં આવી છે. જેમાં બે પી.એસ.આઈ. તથા છ પોલીસ જવાનોની ટીમનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેનું સીધુ સુપરવિઝન જિલ્લા પોલીસવડા દ્વારા કરવામાં આવશે.

જિલ્લા પોલીસ દ્વારા રચવામાં આવેલી ચૂંટણી સેલમાં બે પી.એસ.આઈ. તથા છ પોલીસ કોન્સ્ટેબલોને સમાવી લેવામાં આવ્યા છે. આ ચૂંટણી સેલ જિલ્લામાં બનતી ચૂંટણીલક્ષી ઘટનાઓ કે ગતિવિધિઓ પર રોજબરોજની સતત દેખરેખ રાખશે અને આચારસંહિતા ભંગ સહિતની તમામ બાબતો પર વોચ રાખવાનું કામ આ સેલ કરશે. ચૂંટણી સેલનું સીધુ સુપરવિઝન એસ.પી. શરદ સિંઘલ દ્વારા કરવામાં આવશે. આ સેલ રોજેરોજ ઈલેકશન કમીશનને ડેઈલી રીપોર્ટ પહોંચાડી ચુંટણીલક્ષી ગતિવિધીઓની જાણ કરશે.

# પેથાપુરમાં આનંદના ગરબા યોજાશે

ગાંધીનગર, તા. ૧૫

પેથાપુર એસ.ટી. બસ પેસેન્જર એસોસિએશનના મંત્રી નટુભાઈ દરજીએ એક અખબારી યાદીમાં જણાવ્યુંછે કે, પેથાપુરમાં મા અંબા મંડળ અંતર્ગત તા. ૧૬મીએ યતિનબેન મોદી દ્વારા ૧૭મીએ મહેશભાઈ દરજી દ્વારા, ૧૮મીએ સ્મિતાબેન મિસ્ત્રી દ્વારા અને ૧૯મીએ કોકિલાબેન મિસ્ત્રી દ્વારા લુહાર પોળ મોટી બજાર, પેથાપુર ખાતે બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે. ભક્તજનોને ઉપસ્થિત રહેવા ખાસ જણાવાયું છે.

# નારદીપુર ખાતે રક્તદાન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર રચનાત્મક સમિતિ દ્વારા તાજેતરમાં કલોલ તાલુકાના નારદીપુર ગામે આવેલ એમ.પી. શાહ કેન્સર હોસ્પિટલ અમદાવાદના સહયોગથી કેન્સરના દર્દીઓના લાભાર્થે સ્વૈચ્છિક રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર રચનાત્મક સેવા સમિતિ દ્વારા કેન્સરના દર્દીઓના લાભાર્થે તેમજ રક્તદાનની પ્રવૃત્તિને ગ્રામ્ય વિસ્તારમાં ઉત્તેજ સાથે વેગ મળી રહે તેમજ ગ્રામ્ય વિસ્તારમાં જન જાગૃતિના પ્રયાસ રૂપે રક્તદાન શિબિર યોજાઈ હતી. જેમાં રક્ત દાતાઓએ ૧૬ બોટલ રક્તદાન કરી ઉમદા સેવાનું ઉદાહરણ આપ્યું છે. રક્તદાતાઓને જુનિયર સિટીઝન કાઉન્સિલ ગાંધીનગર દ્વારા પ્રમાણપત્ર એનાયત કરી પ્રોત્સાહન પુરૂ પાડવામાં આવ્યું હતું. આ પ્રસંગે નારદીપુરના સ્થાનિક યુવા કાર્યકર્તા વનરાજસિંહ વાઘેલા, રાકેશસિંહ વાઘેલા, નવલદાન ગઢવી, વિનોદભાઈ ઠાકોર તેમજ યુવક મંડળ અને પી.ટી.સી. કોલેજના વિદ્યાર્થીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

# જ્યોતિ મહિલા મંડળ અને વિવેક ચેરીટેબલ ટ્રસ્ટનું શેરી ગરબા સ્પર્ધા માટે નગરના મંડળોને નિમંત્રણ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગરમાં વર્ષોથી સામાજિક, આરોગ્ય સાંસ્કૃતિક અને પ્રાકૃતિક પર્યાવરણના ખ્યાલ સાથે કામ કરતી જ્યોતિ મહિલા મંડળ અને વિવેક ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે નવરાત્રી આરાધના પર્વ નિમિત્તે શેરી ગરબા-૨૦૧૨નું આયોજન કરવામાં આવ્યું છે.

નવરાત્રીના દિવસોમાં જ્યાં નવે-નવ દિવસ શેરી કે ચોકઠામાં માતાજીની સ્થાપના થયેલી હોય બહેનો ગવડાવતી અને ઝીલતી હોય તેવા મંડળોને જ્યોતિ મહિલા મંડળ અને વિવેક ચેરિટેબલ ટ્રસ્ટે સ્પર્ધા માટે નિમંત્રણ પાઠવ્યું છે. આ માટે જ્યોતિ મહિલા મંડળના પ્રમુખ લત્તાબેન ચોકસીનો ફોન નં. ૨૩૨-૨૦૧૬૦, મંત્રી ચેતનાબહેન બૂચનો ફોન નં. ૨૩૨-૬૦૩૭૦ અથવા વિવેક ચેરીટેબલ ટ્રસ્ટના મીનળબહેન ઓઝાનો ફોન નં. ૨૩૨ ૪૬૮૦૨ પર સંપર્ક સાધવા અને નામ નોંધાવવા જણાવાયું છે.

# જિલ્લાકક્ષાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન ૧૭મીએ યોજાશે

જી.સી.ઈ. આર.ટી. પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ગાંધીનગર, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે તા. ૧૭મી ઓક્ટોબર-૨૦૧૨ને બુધવારે મહર્ષિ અત્રિ માધ્યમિક શાળા, પીંપળજ મુકામે જિલ્લા કક્ષાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન-૨૦૧૨નું સવારે ૯ થી સાંજે ૫ કલાકે આયોજન કરવામાં આવ્યું છે.

મહર્ષિ અત્રિ તપોવનના આચાર્યએ સુજલામ એસ.વી. એસ.ના ગણિત પ્રદર્શન-૨૦૧૨માં ઉપસ્થિત રહેવા વિદ્યાર્થીઓ, શિક્ષકો અને રસિકજનોને ખાસ નિમંત્રણ પાઠવ્યુંછે.

# નારી પ્રતિભા અને પડકારો વિષયે ચંદ્રાબેન શ્રીમાળીનું સુરતમાં પ્રભાવક વક્તવ્ય યોજાયું

ગાંધીનગર, તા. ૧૫

સુરતના જાણીતા લેખિકા પ્રજ્ઞાબેન વશીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે તાજેતરમાં ગુજરાતના જાણીતા લેખિકા ચંદ્રાબેન શ્રીમાળીનું સુરત ખાતે પ્રભાવક વક્તવ્ય યોજાયું હતું.

અખિલ હિન્દ મહિલા પરિષદ સુરત બૃહદ શાખાના ઉપક્રમે યોજાયેલી મહિલાઓની બેઠકમાં નારી પ્રતિભા અને પડકારો, વિષય ઉપર ચંદ્રાબેન શ્રીમાળીએ વક્તવ્ય આપતા જણાવ્યું હતું કે, દરેક નારીમાં પ્રતિભા છૂપાયેલી હોય છે. પડકારોનો પ્રતિકાર કરવાની શક્તિ સ્ત્રીઓમાં કુદરતી રીતે હોય છે. સૃષ્ટિની સર્જનહાર શક્તિ આજે આ એકવીસમી સદીમાં જીવનના તમામ ઉચ્ચત્તમ ક્ષેત્રમાં સર્વોપરી સાબિત થઈ છે ત્યારે સામાજિક દૂષણ સ્ત્રીભ્રૂણ હત્યા, વ્યસન, દહેજપ્રથા, અત્યાચારનો સામનો કરવા નારીએ શિક્ષિત હોવુ ખાસ જરૂરી છે. કન્યા શિક્ષણ અને નારી જાગૃતિના કાર્યક્રમો વારંવાર યોજાય તે જરૂરી છે. પ્રજ્ઞાબેન વશીએ પોતાના વક્તવ્યમાં ગાંધીનગરના રહેવાસી ચંદ્રાબહેનનો વિગતે પરિચય આપી તેમના સાહિત્ય સર્જનની જાણકારી આપી હતી. ઉપસ્થિત બહેનોએ પણ પ્રશ્નોત્તરી દ્વારા ઉત્સાહ બતાવ્યો હતો. આ પ્રસંગે અનંતાબેન પરીખ, સુરેશભાઈ પરીખ, જયાબેન રાણા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. બિન્દુબેન કચરાએ કૃતિ વાંચન કર્યું હતુ અને બૃહદ શાખાના પ્રમુખ ગીતાબેન નાયકે આ પ્રસંગે આભાર દર્શન કર્યુ હતુ.

# અંબિકા સેવા ટ્રસ્ટ દ્વારા સે. ૬/એ રાત્રે ૯ થી ૧૨ ગરબા યોજાશે

ગાંધીનગર, તા. ૧૫

અંબિકા સેવા ટ્રસ્ટના પ્રમુખ કિશનભાઈ બ્રહ્મભટ્ટે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, આજે તા. ૧૬મી ઓક્ટોબરથી શરૂ થતા નવરાત્રી પર્વ નિમિત્તે સેક્ટર-૬-એ, નવરાત્રિ ચોક ખાતે રાત્રે ૯ થી ૧૨ કલાક દરમિયાન રાસ ગરબા યોજાશે.

ગાંધીનગરના લોક લાડીલા લોકનાદ ગૃપના કલાકારો દ્વારા ૧૬મીથી ૨૩મી દરમિયાન રામભાઈ ગઢવી, રંજનબેન ગઢવી, દિપ્તીબેન ગઢવી તથા યશપાલ ગઢવી શેરી ગરબા તથા રાસ ગરબાની રમઝટ બોલાવશે. ગાંધીનગરની ભક્તિપ્રિય જનતા નવરાત્રી પર્વ દરમિયાન રાસ ગરબાનો લાભ લઈ શકશે.



## વેરાઈ માતાનું મંદિરનું કાર્ય પૂર્ણ થતા સરગારણમાં ત્રણ વર્ષ બાદ ગરબા યોજાશે

ગાંધીનગર નજીક આવેલા સરગાસણ ગામમાં વેરાઈ માતાનાં મંદિરના પ્રાંગણમાં નવરાત્રીના ગરબાનું આયોજન થાય છે, પરંતુ છેલ્લા ત્રણ વર્ષથી મંદિરનું સમારકામ ચાલતું ન હોઈ ત્રણ વર્ષથી અહીં ગરબા થતાં ન હતા. હવે આ કાર્ય પૂર્ણ થતાં ત્રણ વર્ષ બાદ અહીં ગરબા યોજાશે. પરંપરાગત રીતે અહીં યોજાતા ગરબામાં બહેન-દીકરીઓ માથે ઓઢીને ગરબા ગાઈ છે. બહેનો અને ભાઈઓની અલગ અલગ કતારમાં થતાં પરંપરાગત ગરબા ખૂબ આકર્ષણ જમાવે છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૮

સૂર્યાસ્ત : ૬.૧૩

## તાપમાન

મહત્તમ : ૩૬.૫ ડિ.સે. લઘુત્તમ : ૧૯.૬ ડિ.સે.

મોસમ કુલ વરસાદ : ૭૦૭ એમ.એમ.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૦ ટકા ● સાંજે ૪૩ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
ઓહ ! માય ગૉડ : ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦
ભૂત ૨ : ૧૦.૩૦, ૧૨.૩૦

: સ્ક્રીન-૨ :
ઈંગ્લીશ વિંગ્લીશ : ૧૨.૪૫, ૭.૦૦
અઈય્યા : ૧૦.૦૦, ૩.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
ઈંગ્લીશ વિંગ્લીશ : ૩.૩૦, ૧૦.૦૦
અઈય્યા : ૧૨.૩૦, ૬.૩૦

: સ્ક્રીન-૪ :
ચિત્તાગોંગ : ૧૨.૩૦, ૨.૩૦
મખ્ખી : ૧૦.૦૦, ૫.૦૦, ૭.૩૦, ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ભૂત રિટર્ન્સ (૩ડી) : ૯.૧૫, ૧.૪૫, ૬.૧૫, ૧૦.૪૫
મખ્ખી : ૧૧.૪૫, ૩.૪૫, ૮.૧૫

: સ્ક્રીન-૨ :
ઓહ! માય ગોડ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :
અઈય્યા : ૯.૪૫, ૩.૩૦, ૬.૩૦, ૯.૪૫
બર્ફી : ૧૨.૪૫

: સ્ક્રીન-૪ :
ઈંગ્લીશ વિંગ્લિસ ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૬.૪૫, ૧૦.૦૦

### સૂર્યા, વાવોલ

ભૂત- ૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મારા રૂદિયે વાલા સીતારામ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ભૂત રિટર્ન્સ : ૧૦.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
ઓહ! માય ગોડ : ૧.૩૦, ૪.૩૦,

: સ્ક્રીન-૨ :
અઈય્યા : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
ઓહ! માય ગોડ : ૧૧.૧૫, ૭.૦૦, ૧૦.૦૦
મખ્ખી : ૧.૪૫, ૪.૧૫

### ચિરાગ, કલોલ

ભૂત રીર્ટન : ૧૦.૪૫, ૩.૪૫, ૮.૩૦
મખ્ખી : ૧૨.૪૫, ૬.૦૦, ૧૦.૩૦

## આપની આજ

**મેષ** : કોઈપણ પ્રકારના વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે. કુટુંબના સભ્યો સાથે મતભેદ ન થાય તેની કાળજી રાખવી.

**વૃષભ** : નોકરી, વ્યાપાર, રોજગારમાં સમય પર નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે. મિત્રો અને કુટુંબના સભ્યો સહિત પોતાની આંતરિક પ્રસન્નતા અને આશાજનક વાતારણને કારણે પ્રયાસ સફળ થઈ શકશે.

**મિથુન** : આપના થકી નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા. કુટુંબીજનો સાથે સામજસ્ય બન્યું રહેવાની સંભાવના છે. લાભ અને સુખમાં વધારો થઈ શકશે.

**કર્ક** : તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે પ્રશંસા થશે. જમીન- મકાન ખરીદવાની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે. વાંચવા લખવાનાં કાર્યમાં રુચિમાં વધારો થશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે સમસ્યાઓ હોવાં છતાં કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

**કન્યા** : લાંબા સમયથી ચાલી રહેલી કૌટુંબિક સમસ્યાઓનું સમાધન થઈ શકશે.વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે.

**તુલા** : આપનામાં આંતરીક પ્રભાવ વધવાથી શત્રુને પરાસ્ત કરી શકશો. આપના અથાગ રીતે કરેલ મહેનતનું ફળ તરત જ મળી શકશે. પૂર્ણ રીતે અભ્યાસ કર્યા વગર કોઈપણ પ્રકારનું સાહસ ન કરવું.

**વૃશ્ચિક** : અટકેલા કાર્ય સમય પર પૂરા કરવા આપ કટીબદ્ધ બનશો. વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવવાની સંભાવના છે.

**ધન** : અટવાયેલા નાણાં પરત મળી શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધર્મના ક્ષેત્રમાં વિશેષ રુચિ જાગૃત થઈ શકશે. ધન પ્રાપ્તિનો વિશેષ યોગ.

**મકર** : સ્થાયી મિલકત, વાહન ખરીદીનો યોગ બને છે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**કુંભ** : કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે. કર્મક્ષેત્રમાં વિશેષ ઉપલબ્ધિ અને નવા કાર્યોનો યોગ.

**મીન** : વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા- પ્રવાસનો યોગ બને છે. નાણાંકીયક્ષેત્રમાં સમસ્યાઓ સંભવિત.

## ચિરવિદાય

- સ્વ. મનજીભાઈ ધીમાભાઈ ઠાકોર (ઉ.વ.૯૦) મુ.પો. બાસણ, તા.જી. ગાંધીનગર.
- સ્વ. શાંતાબેન પૂંજાભાઈ નાયી (ઉ.વ.૮૪) મુ.પો.પેથાપુર, નાયી વાસ, તા.જી. ગાંધીનગર.
- સ્વ.જીવણજી લાલાજી ઠાકોર (ઉ.વ.૬૦) મુ.પો. ચાંદીસણા, તા.કલોલ, જી. ગાંધીનગર.